# Sample Paper – 2009
# Class – X
# Subject – Gujarati

TIME ALLOWED: 3 HOURS MAXIMUM MARKS: 100

---

## વિભાગ – ૧

પ્રશ્ન – ૧ (અ) કોઈપણ પાંચ વાકયોમાં કૌંસમાં માગ્યા પ્રમાણે રૂપાંતર કરી વાકયો ફરીથી લખો : ૫

૧.રજનીશે પ્રવચન આપ્યુ.(નિષેધ વાકય બનાવો)
૨.મંગુ કેવી રાજી રાજી થઇ ગઇ ?( વિધાન વાકય બનાવો)
૩.છાણાના પોદળાની ઠંડક ખૂબ મીઠી લાગતી.(ઉદગાર વાકય બનાવો)
૪.મેં એને મારાથી અલગ કરી નથી.(વિધી વાકય બનાવો)
૫.સાધુસંતોને બીજા કશાની જરૂર ન હોય.(પ્રશ્નાર્થ વાકય બનાવો)
૬.તું ખાલી ગદ્ધામજૂરી કરવાનું માથે લે છે.(રૂઢિપ્રયોગ દૂર કરી સમાનાર્થી વાકય બનાવો)
૭.પાણી માટે પ્રભાશંકર નદી પાસે ગયો.(અંગ્રેજીમાં અનુવાદ કરો)

(બ)કોઈપણ પાંચ વાકયોમાં કૌંસમાં માગ્યા પ્રમાણે ફેરફાર કરી વાકયો ફરીથી લખો : ૫

૧.એ કામ મારાથી થાય એમ નથી.(કર્તરિ રચના કરો)
૨.છોકરો વાયોલીન વગાડે છે.(વચન બદલો)
૩.નાવિકે રામના પગ ધોયા.(સમાનાર્થી વાકય બનાવો)
૪.મીરાબાંઈએ ઝેર પીધું.(વિરોધી વાકય બનાવો)
૫.માળી બાગમાં કામ કરે છે.(લિંગ બદલો)
૬.અનુકુળ, પરીનામ,ઉમિ, પરિસ્થીતી(જોડણી સુધારો)
૭. શું મોહન સોહન અને રાધા મારા સંતાનો નથી (વિરામ ચિન્હો મૂકો)

(ક)નીચેના વાકયોમાં કૌંસમાં દર્શાવ્યા પ્રમાણે કાળ બદલો(કોઈ પણ પાંચ): ૫

૧.આ પાણીનો ઝઘડો છે.(સાદો ભુતકાળ)
૨.શરમથી સૌના મુખ સીવાઈ ગયા.(પૂર્ણ ભુતકાળ)
૩.બન્ને પક્ષોનો આવેશ શાંત થયો.(ચાલુ વર્તમાનકાળ)
૪. બન્ને પક્ષોએ સમાધાન કરી લીધુ.(પૂર્ણ ભવિષ્યકાળ)
૫.આજે સવારે એ ઘરના પગથિયા ઉતરશે.(ચાલુ ભવિષ્ય કાળ)
૬.એણે બધુ શીખવુ તો પડશે.(પૂર્ણ વર્તમાનકાળ)
૭.એ આજુબાજુના આંગણાનો સરદાર છે.(સાદો ભવિષ્યકાળ)

(ડ)નીચેનામાંથી કોઈ પણ <u>પાંચ</u> વાકયો સુધારો : ૫

૧.ઘોડો ગાડી ખેંચતી નથી.
૨.નટનું અભિનય ખરેખર સરસ હતું.
૩. પત્તો રમવી એ એક કુટેવ છે.
૪.તે આવતીકાલે મુંબઈ ગયો.
૫.નવરાત્રિ એ ગરબાનું તહેવાર છે.
૬.મારે તમારું ઘેર ખાવું નથી.
૭. મેં ખુરશીઓ ગોઠવી દીધું છે.

પ્રશ્ન – ૨(અ)મુદાઓને આધારે નીચેના વિષય પર આશરે ૧૦૦ થી ૧૫૦ શબ્દોમાં નિબંધ લખો. ૭

<u>દહેજ પ્રથા</u>

પ્રસ્તાવના – દીકરીના માબાપની સ્થિતિ – ગેરફાયદા – આ પ્રથા દૂર કરવામાં યુવકયુવતિની ફરજ – ઉપસંહાર

*અથવા*

નીચેના મુદ્દાના આધારે વાર્તા લખી વાર્તાને યોગ્ય શીર્ષક આપો.

એક ભૂખ્યુ શિયાળ – ખોરાકની શોધમાં – એક ઝાડ પાસે આવવું – ઝાડ પર કાગડો – કાગડાની ચાંચમાં પૂરી – શિયાળનું લલચાવુ – યુકિત – કાગડાના વખાણ – ગીત સંભળાવવા વિનંતિ – વખાણથી કાગડાનું ફુલાઈ જવું – ગીત ગાવા જતાં પુરી પડી જવી – બોધ

(બ)તમારી શાળામાં એક પરીચર્ચા(ડીબેટ)નું આયોજન કરવામાં આવ્યુ હતું તેનું વર્ણન કરતો પત્ર તમારા પિતાજીને લખો. ૮

*અથવા*

તમારા ઘરમાં થયેલ ચોરી વિશે તપાસ કરવા પોલીસ અધિકારીને ફરિયાદ પત્ર લખો.

પ્રશ્ન – ૩(અ)નીચેનો ગદ્યખંડ વાંચી તેની નીચે આપેલા પ્રશ્નોના જવાબ લખો. : ૮

મનુષ્યના બધા સદ્‌ગુણો ભેગા મળે તેને ચારિત્ર્ય કહેવામાં આવે છે. ચારિત્ર્યથી જ માનવી શકિતશાળી અને તેજસ્વી બને છે. લોકો કહે છે કે "જ્ઞાન એ જ શકિત છે." પરંતુ હું તો વ્યકિતગત રીતે દાવાપૂર્વક કહું છું કે "ચારિત્ર્ય એ જ શકિત છે." ચારિત્ર્ય વિના જ્ઞાનપ્રાપ્તિ શકય જ નથી. ચારિત્ર્યહીન વ્યકિત આ સમાજમાં મૃતપ્રાય છે. સમાજ તેને તિરસ્કાર અને ઉપેક્ષાની નજરે જોશે. તમારે જીવનમાં સફળ થવું હોય, બીજાને પ્રભાવિત કરવા હોય,આધ્યાત્મિક માર્ગે પ્રગતિ કરવાની ઈચ્છા હોય, તો તમારે નિષ્કલંક ચારિત્ર્ય પ્રાપ્ત કરવું જોઈએ. શંકરાચાર્ય, બુદ્ધ, ઈશુ અને એવા પ્રાચીન દેવતાઓના નામ આજે પણ લેવામાં આવે છે. કારણ કે તેમનું ચારિત્ર્ય દિવ્ય અને અદ્‌ભુત હતું. તેઓ પોતાના ચારિત્ર્યના બળે જ બીજાને પ્રભાવિત કરાવી શકયા હતા. ચારિત્ર્ય જીવનનો સ્તંભ છે.

પ્રશ્નો :

૧.સમાજ કોને તિરસ્કાર અને ઉપેક્ષાની નજરે જોશે ?
૨.નિષ્કલંક ચારિત્ર્ય પ્રાપ્ત કરવાથી શું ફાયદા થાય છે ?
૩. શંકરાચાર્ય, બુદ્ધ, ઈશુના નામ શા માટે આજે પણ લેવામાં આવે છે ?
૪. જીવનનો સ્તંભ શું છે ?

(બ)નીચેના પરિચ્છેદનો આશરે ૧/૩ વાકયોમાં સંક્ષેપ કરો : ૭

કોઇ પણ કાર્યમાં સફળતા મેળવવા માટે પરિશ્રમ કરવો જરૂરી છે. કેટલાક લોકો નસીબના ભરોસે બેસી રહે છે. નસીબના ભરોસે બેસી રહેનારને જીવનમાં સફળતા મળતી નથી. જંગલના રાજા સિંહને પણ ખોરાક મેળવવા માટે શિકાર કરવા જવું પડે છે. વિદ્યાર્થી નસીબને ભરોસે બેસી રહે અને અભ્યાસ ન કરે તો તે નાપાસ જ થાય. વેપારી દુકાને ન જાય તો એનો વેપાર જ ન ચાલે. ખેડૂત ખેતરમાં કામ કરવા ન જાય તો અનાજ ન પાકે. મજૂર મજૂરી ન કરે તો તેને કોઇ કંઇ ન આપે. એટલે જ કહેવાય છે કે 'ફરે તે ચરે, બાંધ્યો ભૂખે મરે.' જે વ્યકિત પરિશ્રમ કરે છે તેને જીવનમાં સફળતા મળે છે. કયારેક મહેનત કરવા છતાં આપણને ધારી સફળતા મળતી નથી. તેનું કારણ આપણી મહેનતમાં રહેલી કચાશ હોય છે. તે વખતે આપણે આપણામાં રહેલી કચાશ શોધી કાઢવી જોઇએ અને ફરી ઉત્સાહથી પ્રયત્ન કરવો જોઈએ. આપણે કરોળિયાનું ઉદાહરણ આપણી નજર સામે રાખવું જોઈએ. આપણે સતત પરિશ્રમ કરતા રહેવું જોઇએ. આપણને સફળતા અવશ્ય મળશે. દુનિયાના ઘણા મહાન માણસોની સફળતાનું કારણ પરિશ્રમ જ છે. પરિશ્રમ કરવાથી જ ભાગ્ય ખૂલે છે. કોઇ કવિએ સાચુ જ કહ્યુ છે કે "કામ કરે એ જીતે રે માલમ કામ કરે એ જીતે" આળસ એ જીવતા માણસની કબર છે જયારે પરિશ્રમ એ જ પારસમણી છે.

## <u>વિભાગ – ૨</u>

પ્રશ્ન – ૪(અ) નીચેનો ગદ્યખંડ વાંચી તેની નીચે આપેલા પ્રશ્નોના જવાબ લખો. : ૫

"કરતા જાળ કરોળિયો" કવિતા લખનારે એમ તો, "સોયમાં દોરો પરોવતી ડોશી" પર પણ કવિતા લખી નથી. કરોળિયાને જાળું ગૂંથતા જેટલી વાર નિષ્ફળતા મળી એથી વધારે વાર દોરો પરોવવામાં મળે છે. પોલાણ અને નક્કરતાના ભેદ ભૂંસાય છે અને દોરાની અણી પાછી પડે છે, બૂઠી થઇ જાય છે, એને ફરી વળ ચઢાવીને ફરી અણી કાઢવી પડે છે, વારંવાર દ્રષ્ટિસંધાન કરવું પડે છે, અર્જુનને પેલા પક્ષીને વીંધવા પહેલા એક આંખ બંધ કરીને બીજી આંખ ઝીણી કરીને લક્ષ્ય સાધવું પડે છે અને છતાં એક બાણે લક્ષ્ય વીંધનાર અર્જૂને સોયમાં દોરો પોરવવાનો પ્રયોગ કર્યો હોત તો એ બાણાવળી સોયના નાકાનું લક્ષ્ય અનેક વાર ચૂકી ગયો હોત ! સોયમાં દોરો પોરવવા માટે કેટલી ધીરજ, કેટલી ખંત રાખવી પડે છે, તે છતાં દોરો પાછો પડે છે. છતાં એની પાછળ પડેલી ડોશી પાછી પડતી નથી, એ તંતુ પોરવવાનો તંત ચાલુ જ રાખે છે. શ્વાસ રોકીને સોયના નાકાને દોરાની અણી અડાડે છે, પણ છેલ્લી ઘડીએ દોરો પાછો પડે છે તો ય એની પાછળ પડેલી ડોશી પાછી પડતી નથી. છતાં "સોયમાં દોરો પરોવતી ડોશી" એવું કાવ્ય કોઇ કવિએ ન લખ્યું તેમ "પેન્સિલ છોલતાં મહેતાજી" એ વિષય પર પણ કવિતા ન લખી ! માણસ, ખુદ માણસ પ્રત્યે જ કેટલો ઉદાસીન અને અન્ય જીવો પ્રત્યે કેવો પક્ષપાતી છે !

પ્રશ્નો :

૧. કરોળિયાની જાળું ગુંથવાની ક્રિયાને કઇ ક્રિયા સાથે સરખાવામાં આવી છે ?

૨. "દ્રષ્ટિસંધાન " એટલે શું ?

૩.પોલાણ અને નક્કરતાના ભેદ ભૂંસાતા શું થાય છે ?

૪. લેખકના મતે "કરતા જાળ કરોળિયો" ઉપરાંત બીજા કયા કયા વિષયો પર *કવિતાઓ લખાવી જોઇએ ?*

*૫.લેખકને એમ શાના પરથી લાગે છે કે માણસ માણસ પ્રત્યે જ ઉદાસીન છે ?*

(બ)નીચેમાંથી કોઇપણ ત્રણ પ્રશ્નોના બે – ત્રણ વાકયોમાં જવાબ લખો. ૬

૧.રોહિણી નદીને તીરે કયા કયા ગામના લોકો અને શા માટે ભેગા થયા હતા ?

૨. ગાંધીજીને કયા કયા પ્રકારની ભેટ – સોગાદો મળી અને તેનું તેમણે શું કર્યુ ?

૩. સાબરનો બીજો સંગમ કયાં થાય છે અને લોકભાષમાં એને શુંકહેવામાં આવે છે ?

૪. નાનાભાઈએ ગૌરીશંકર રસોયાને શા માટે છૂટો કર્યો ?

૫. પંચપટરણીઓને મનાવવા લેખેકે શું શું કર્યુ ?

પ્રશ્ન ૫(અ)કોઈપણ બે પ્રશ્નોના મુદ્દાસર જવાબ આપો. ૮

૧.'આંગળી ઝાલીને એને દોરજે' પત્રમાં આલેખાયેલા જીવનમૂલ્યો સ્પષ્ટ કરો.

૨.હિંદનું પંખી પાંજરામાંથી કેવી રીતે મુકિત મેળવે છે ?

૩. કસ્તુરબાના કયાં વાકયો ગાંધીજીને અણિયાળા બાણ સમાન લાગે છે ?

૪. 'રોહિણીને તીરે' કથામાં કઈ સમસ્યા રજૂ થઈ છે અને તેનો શો ઉકેલ સૂચવાયો છે ?

(બ)નીચેના પ્રશ્નોના માગ્યા મુજબ ઉત્તર લખો. ૬

૧. 'આંગળી ઝાલીને એને દોરજે' કૃતિનો પ્રકાર જણાવો.
૨. 'દર્શક'કોનું ઉપનામ છે ?
૩. "આ સામે દેખાય છે તે દરિયાની પેલી બાજુ મુંબઈ છે." આ વાકય કોણ બોલે છે અને કોને કહે છે ?
૪. 'નાનાભાઈ'પાઠ લેખકના કયા પુસ્તકમાંથી લેવામાં આવ્યો છે ?
૫. 'સંગમશોભના સાબરમતી' કોણે લખ્યું છે ?
૬. 'હિંદનું પંખી'કૃતિના મૂળ લેખકનું નામ શું છે ?

પ્રશ્ન ૬(અ)નીચેની કાવ્યપંકિતઓ વાંચી નીચે આપેલા પ્રશ્નોના જવાબ લખો. ૪

*ના પાડી છે તમ તરફ કૈં ફેંકવા માળીને મેં*
*ખુલ્લુ મ્હારું ઉપવન સદા પંખીડાં સર્વને છે*

૧. આ કાવ્ય પંકિત કયા કાવ્યમાંથી લેવામાં આવી છે અને તેના કવિ કોણ છે ?
૨. કવિએ માળીને શેની ના પાડી છે ?

*અરે જુઓ વિશ્વ અનુભવીને,*
*પૂજે જનો સૌ ઉગતા રવિને;*
*આવી પડે અસ્ત થવાનું જયારે*
*કોઈ ન છાંટે લઈ કંકુ ત્યારે.*

૧.લોકો કોની પૂજા કરે છે ?
૨.લોકો કયારે કોને કંકુના બે છાંટાય નાખતા નથી ?

(બ)કોઈપણ ત્રણ પ્રશ્નોના મુદ્દાસર જવાબ આપો. ૧૨
૧.અગ્નિ અને ધુમાડાના દ્દષ્ટાંતથી અખો શું સુચવે છે ?
૨.સાયકાળે માર શા માટે ટહુકા કરે છે ?
૩.'નમુ'માં માનવતાની જીત શી રીતે દર્શાવાઈ છે ?

૪.‘છેલ્લુ દર્શન’કાવ્યમાં કવિનો દામ્પત્ય – પ્રેમ કેવી રીતે વ્યકત થયો છે ?
૫.‘પલ’કાવ્યમાં સમયના કયા સ્વરૂપો આલેખાયા છે ?

પ્રશ્ન ૭(અ)નીચેના પ્રશ્નોના જવાબ એક વાકયમાં લખો. ૫

૧.કવિ ‘જુવાન ડોસલો’ કોને કહે છે ?
૨.પંખીઓ કેમ ઊડી જાય છે ?
૩.મીરાંબાઈને શ્રી કૃષ્ણના દર્શન કયાં અને કયારે થાય છે ?
૪. ‘એ લોકો ’ શબ્દપ્રયોગ કવિએ કોના માટે કર્યો છે ?
૫.બીજા દુહામાં બગલા અને કાગડાના દ્દષ્ટાંત દ્વારા શું કહેવાયુ છે ?

(બ)કોઈપણ બે પ્રશ્નોના બે ત્રણ વાકયમાં જવાબ આપો. ૪

૧. મટુકી ઉતારતાં વ્રજનારીને મૂર્છા કેમ લાગી ગઈ ?
૨.જાતમહેનત વિશે મુકતક શું પ્રબોધે છે ?
૩. કવિને ‘એ લોકો’ પ્રત્યે શા માટે આક્રોશ છે ?
૪.‘નમુ’ કાવ્યમાં કવિ ઈશ્વરને કયાં કયાં જૂએ છે ?

@@@@@@@@@@@@@@@@@
@@@@@@@@@@@
@@@@@@